# સ્વતંત્રતા દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પ્રાંગણમાં ૧૫/૦૮/૨૦૨૦ના રોજ માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય અને કાર્યકારી કુલસચિવ ડૉ. ભાવિન ત્રિવેદી દ્વારા ધ્વજવંદન સાથે 'સ્વતંત્રતા દિવસ'ની ઉજવણી કરવામાં આવી. તમામ કર્મચારી સભ્યો દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા પર પુષ્પાંજલી અર્પી હતી. આ શુભ પ્રસંગે ભારતમાતાના બહાદુર પુત્રોનું સ્મરણ કરવામાં આવ્યું હતું અને સાચા અર્થમાં 'આત્મનિર્ભર' બનવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ના અભિગમને પરિપૂર્ણ કરવા યુનિવર્સિટી માટે નવા માઈલસ્ટોન પ્રાપ્ત કરવા અને આખરે સકારાત્મક રાષ્ટ્ર નિર્માણ માટે પણ પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.











## ૧૫ મી ઓગષ્ટ ૨૦૧૬

સ્વાતંત્ર દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય" પરિસરમાં યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્યો સાથે દેશભક્તિના ગીતોનું ગીત-સંગીત પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું.



માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન થયું. યુનિવર્સિટીના પરિવારના સભ્યોએ દેશભક્તિ ગીતો ગાઈને ઉજવણી વધારે



આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન પ્રમોદ પાટીલ દ્વારા કરવામાં આવ્યું હતું.





## યાદ કરો કુરબાની

તા. ૨૩ ઓગષ્ટ, ૨૦૧૬ ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં યાદ કરો કુરબાની પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સંકલન ડૉ. મૌનસ ઠાકરે કર્યું હતું.



જેમાં યુનિવર્સિટીના પરિવારમાંથી ઘણાં બધાંએ શહીદોને યાદ કરીને રાષ્ટ્રભાવના જાગે તેવા ગીતોની રજૂઆત કરી હતી.



માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની દ્વારા સ્વાગત પ્રવચનમાં આ યુનિવર્સિટીની કાર્યપ્રણાલી, અભ્યાસક્રમ, અભ્યાસ-સામગ્રી, V&P અભ્યાસક્રમ, યુનિવર્સિટીના કેન્દ્રો, ICTમાં સભાનતા, વર્ચ્યુઅલ કલાસરૂમ, CCC અભ્યાસક્રમ, ચૈતન્ય સ્ટુડિયો વગેરેની માહિતી દ્વારા તજજ્ઞને આ યુનિવર્સિટી શિક્ષણપ્રણાલિથી અવગત કર્યા. BAOUનો વિદ્યાર્થી Competitive Examમાં આગળ છે અને સરકારના ઉચ્ચપદાધિકારીની જગ્યા પર કાર્ય કરે છે તથા 12-B અને NAAC આ યુનિવર્સિટીનું ભવિષ્યનું આયોજન છે. તે વિશે માહિતી આપી, આવેલ તજજ્ઞ પાસેથી યુનિવર્સિટીના ભાવિ આયોજન માટેનું માર્ગદર્શન અને દિશાસૂચન થાય તેવી આશા તથા ખાતરી આપી પોતાનું વકતવ્ય પૂણ કરેલું.




તજજ્ઞ ડૉ. શ્રીમતી ઉર્મિલા દેવીજીએ પોતાના વ્યાખ્યાનમાં પોતાની કારકિર્દીની વાત કરી. શિક્ષક અને UGCના કાર્યકાળના પોતાના અનુભવો જણાવ્યાં. તેમણે સૌને UGCની કાર્યપ્રણાલિથી તથા નિયમોથી અવગત કર્યા. પ્રો. ડૉ. અમી ઉપાધ્યાય, નિયામક (SHSS) અને કાર્યકારી કુલસચિવશ્રી દ્વારા આભારવિધિ કરવામાં આવી.




## વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ ૨૦૧૭

ગુજરાત સરકાર દ્વારા આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટ 2017માં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. 10-01-2017 થી 13-01-2017 દરમિયાન ભાગ લેવામાં આવ્યો હતો.



આ સમીટ દરમિયાન દેશ-વિદેશના અનેક મહાનુભાવો, મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા એજ્યુકેશન પેવેલિયન સ્થિત યુનિવર્સિટીના સ્ટોલની મુલાકાત લેવામાં આવી હતી તથા યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ દ્વારા તેમને માહિતી પૂરી પાડવામાં આવેલી હતી.




## પ્રજાસત્તાક દિનની ઉજવણી

26 જાન્યુઆરી, 2017 પ્રજાસત્તાક દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય" પરિસરમાં યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્યસમુદાય સાથે થઈ.



રાષ્ટ્રભક્તિસભર ગીત-સંગીતનું પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન થયું.



ડૉ. મૌનસભાઈ ઠાકરે વાંસળીવાદન તથા અન્ય શૈક્ષણિક અધિકારીઓએ રાષ્ટ્રગીતો તથા પોતાની ક્ષમતા મુજબ પ્રજાસત્તાક દિને દેશ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય, (કા.કુલસચિવ) અને ડૉ. આવા શુક્લા, નિયામક (SS) પ્રાસંગિક વક્તવ્યમાં નાગરિક તરીકેની નિસ્બતને શબ્દોમાં વ્યક્ત કરેલી.



યુનિવર્સિટી પરિવારમાંથી વધુને વધુ સભ્યો રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં પોતાની પ્રસ્તુતિ અને સહભાગિતા દાખવે તેવી માનનીય કુલપતિ ડૉ. પંકજ એલ. જાનીની પ્રેરણા અને અનુરોધના કારણે પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વિશેષ સક્રિયતા જોવા મળે .

## આવકાર તથા વિદાય સમારંભ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પૂર્વ ડાયરેક્ટર (શૈક્ષણિક) તરીકે ફરજ બજાવતા ડૉ. રવિ ગોર તથા કમ્પ્યૂટર સાયન્સ વિભાગના પૂર્વઅધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર ડૉ. હિરેન જોશીની તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે નિયુક્તિ થઈ. તેમની લાંબા ગાળાની સેવાઓ માટે વિદાય સન્માન કરવાના હેતુથી વિદાય સન્માન કાર્યક્રમ તથા તેની સમાંતરે વિવિધ વિષયમાં નવનિયુક્ત પ્રોફેસર્સ, એસોસિએટ પ્રોફેસર્સ તથા આસિસ્ટન્ટ પ્રોફેસર્સને આવકારવાનો કાર્યક્રમ સંયુક્ત રીતે તા.15/02/2017ના રોજ સાકાર થયો. યુનિવર્સિટી પરિસરમાં આવેલા 'ગૌતમ સભાગૃહ'માં 'આવકાર તથા વિદાય સન્માન' કાર્યક્રમ ડૉ. યોગેન્દ્રભાઈ પારેખના સંચાલનમાં યોજાયા હતો. માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલા પ્રસ્તુત કાર્યક્રમમાં માનનીય કાર્યકારી કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે સ્વાગત અભિવાદનની સાથે શુભકામનાપૂર્ણ વિદાય વચનો કહી કાર્યક્રમની રસપ્રદ ભૂમિકા બાંધી હતી.



ડૉ. આવા શુક્લા, ડૉ. હિમાંશુ પટેલ, ડૉ. હેતલ ગાંધી અને ડૉ. મૌનસ ઠાકરે, સહકર્મચારીઓ વતી બંને વરિષ્ઠ સદસ્યોને ભાવપૂર્ણ શબ્દોમાં વિદાય આપી હતી.



માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે વિદાયમાન અધિકારીશ્રીઓનું સ્મૃતિચિહ્ન, પુસ્તક, ખેસ તથા શાલ ઓઢાડી ગૌરવપૂર્ણ અભિવાદન કરવામાં આવ્યું.

વિદાય થતા બંને વરિષ્ઠ અધિકારીશ્રીઓ, ડૉ. રવિ ગોર તથા ડૉ. હિરેન જોશીએ પોતાના કાર્યકાળના સંસ્મરણો વાગોળ્યાં હતાં. ડૉ. રવિ ગોરે વર્તમાન સમયમાં ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે આપણી યુનિવર્સિટીની ભૂમિકા અને શૈક્ષણિક વિકાસની સંભાવનાઓ વિષયક વક્તવ્ય આપ્યું હતું અને પોતાની વિદાયયાત્રાના એક યાદગાર પડાવ તરીકે વર્તમાન તથા પૂર્વ માનનીય કુલપતિશ્રીઓ તથા બોર્ડ ઑફ મૅનેજમૅન્ટ ના સદસ્યાઓનો આભાર માન્યો હતો.

ડૉ. હિરેન જોશીએ CCC જેવા પ્રચલિત અભ્યાસક્રમમાં નવીનીકરણના અનુભવને તથા પરીક્ષા નિયામક તરીકેની જવાબદારીના આનંદને સહુના સહકારનું પરિણામ ગણાવી રાજીપો વ્યક્ત કર્યો હતો.

## સ્વાતંત્ર દિનની ઉજવણી

સ્વાતંત્ર દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના "જ્યોતિર્મય" પરિસરમાં યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્યો સાથે દેશભક્તિના ગીતોનું ગીત-સંગીત પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું.



માનનીય કુલપતિશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન થયું. યુનિવર્સિટીના પરિવારના સભ્યોએ દેશભક્તિ ગીતો ગાઈને ઉજવણી વધારે



આહલાદક બનાવી. જેમાં ડૉ. અજીતસિંહ રાણા, ડૉ. પ્રિયાંકી વ્યાસ , કીર્તિબેન રાવલ, દિવ્યાબેન ઠાકરે જુદાં -જુદાં દેશભક્તિ ગીતો ગાયાં અને યોગેન્દ્રભાઈ પારેખે દેશભક્તિ વિશે સુંદર વક્તવ્ય આપ્યું હતું. ચિંતન જોશીએ વાંસળી વાદન કરી કાર્યક્રમને વધારે આહલાદક બનાવ્યું હતું.



આ સમગ્ર કાર્યક્રમનું સુચારૂ સંચાલન ડૉ. મૌનસ ઠાકર દ્વારા કરવામાં આવ્યું હતું.

## બી.એડ. અને સ્પે.બી.એડ.ના કેન્દ્રોની બેઠક

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સત્ર જાન્યુ-2018 બી.એડ. તેમજ સ્પે.બી.એડ. પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન કરવામાં આવી. તેમજ તેની પ્રવેશ પ્રક્રિયા માટે પણ ઓનલાઈન જ અરજી ફૉર્મ મંગાવવા તેમ નક્કી કરવામાં આવ્યું.




જે માટે અભ્યાસકેન્દ્રોને ઓનલાઈન એડમિશન પ્રક્રિયાથી માહિતગાર કરવા તેમજ પ્રવેશ પ્રક્રિયાથી માહિતગાર કરવા તેમજ પ્રવેશ પ્રક્રિયા અંગે સમજૂતી આપવા તા.31/08/2017ના રોજ યુનિવર્સિટી ખાતે બોર્ડ રૂમમાં બી.એડ. અભ્યાસક્રમના 10 અને સ્પે. બી.એડ.ના 8 અભ્યાસકેન્દ્રોની એક સંયુક્ત બેઠકનું આયોજન કરવામાં આવ્યું.

જેમાં તમામ કેન્દ્રોમાંથી આચાર્ય અથવા કેન્દ્ર સંયોજક પોતે ઉપસ્થિત રહે તેવો આગ્રહ રાખવામાં આવ્યો.ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની માહિતી અને સમજૂતી નિયામકશ્રી સ્કૂલ ઑફ કમ્પ્યૂટર સાયન્સના પ્રો. ડૉ. નિલેશ મોદી સાહેબે આપી. સદર બેઠકમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માન.કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની સાહેબે વિશિષ્ટ હાજરી આપી.



જે દરમિયાન તેમણે તમામ અભ્યાસકેન્દ્રોને ઉત્તમ શિક્ષકો તૈયાર કરવા પ્રોત્સાહિત કર્યા તેમજ યુનિવર્સિટી દ્વારા તેમણે તમામ સર્જનાત્મક કાર્યક્રમ કરવા માટેનો સહકાર આપવાની બાંહેધરી આપી



## શિક્ષક દિનની ઉજવણી

તા.05/09/2017 ના રોજ શિક્ષણશાસ્ત્ર વિભાગ દ્વારા શિક્ષક દિનની ઉજવણી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ગૌતમ હૉલ ખાતે આયોજિત કરવામાં આવી.



જેમાં IASE યુનિવર્સિટી, સરદાર શહેર, રાજસ્થાનના પૂર્વ ડાયરેક્ટર રિસર્ચ ડૉ. સુરેન્દ્ર પાઠક સાહેબે " મૂલ્ય શિક્ષણ" પર વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં તેમણે મધ્યસ્થ દર્શનમાં મૂલ્ય શિક્ષણ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.



આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષણશાસ્ત્ર વિભાગનાં નિયામકશ્રી ડૉ. અજીતસિંહ રાણા સાહેબે કર્યું હતું.



ઉપરોક્ત સમગ્ર કાર્યક્રમ દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની સાહેબ તથા અન્ય અધિકારી વર્ગ હાજર રહ્યો હતો.

## વૈદિક ગણિત વર્ગો

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના શિક્ષણ વિભાગ દ્વારા દિવાળી વેકેશનની તા.30-10-2017 થી તા.03-11-2017 દરમિયાન પાંચ દિવસીય વૈદિક ગણિતનાં વર્ગોનું આયોજન કરવામાં આવેલું.




જેમાં ધો.8 થી વધુ ભણેલાં પ્રત્યેક વ્યક્તિ માટે મર્યાદિત સંખ્યામાં ભાગ લેવાની જોગવાઈ કરેલી હતી. વર્ગમાં વૈદિક- ગણિતનાં નિષ્ણાત તરીકે શ્રી હેમચંદ્રાચાર્ય સંસ્કૃત પાઠશાળા – સાબરમતી- અમદાવાદનાં શિક્ષક શ્રી જય રાઠોડે યોગદાન આપ્યું હતું. વર્ગમાં વિવિધ ક્ષેત્રોમાંથી આવેલા કુલ આઠ પ્રતિભાગીઓએ નિયમિત હાજરી આપી હતી. વીસ કલાકનાં આ વર્ગોમાં વૈદિક ગણિતનાં નિખિલ, નિખિલેશ, મૂલાંક, પૂર્ણાંક, સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ, ઘન, ઘનમૂળ વગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તથા સમગ્ર શિક્ષણ કાર્યનું ચૈતન્ય સ્ટુડિયોમાં 20 કલાકનું વીડિયો રેકોર્ડિંગ કરવામાં આવ્યું. ગણિતનાં જટિલ દાખલાઓને વૈદિક ગણિતની ભારતીય પદ્ધતિથી સરળ રીતે ઉકેલવાના આ શિક્ષણનો ભવિષ્યમાં પણ ઉપયોગ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.



વર્ગનાં ઉદ્‌ઘાટનમાં યુનિવર્સિટીનાં કુલપતિશ્રીએ પ્રતિભાગીઓને માનનીય આવકાર્યા હતા તથા વર્ગનાં સમાપનમાં પ્રત્યેક પ્રતિભાગીને માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની સાહેબ દ્વારા પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા અને મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કરવા અને ભારતીય જ્ઞાનનો પ્રસાર કરવાની શુભકામનાઓ આપી હતી.

# મહાત્મા ગાંધી સ્મૃતિ વ્યાખ્યાન : સ્મૃતિ વંદના કાર્યક્રમ




ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ૦૨/૧૦/૨૦૨૦ના રોજ મહાત્મા ગાંધીના જન્મદિન નિમિત્તે ગાંધી સ્મૃતિ વ્યાખ્યાન વર્ચ્યુઅલ માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું. માન. કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજીની અધ્યક્ષતામાં યોજવામાં આવેલ સ્મૃતિ વ્યાખ્યાનના મુખ્ય વક્તા ડૉ. વિશાલ ભાદાણી હતા. જેઓ ઈન્ટરનેશનલ સેન્ટર ફોર અપ્લાઈડ ગાંધીયન સ્ટડીઝ, લોકભારતી, સણોસરાના નિયામક ઉપરાંત અંગ્રેજી સાહિત્યના અભ્યાસી છે તથા અંગ્રેજી સાહિત્યના અભ્યાસી હોવાની સાથે શિક્ષણ, સાહિત્ય, ફિલોસોફી અને અનુવાદ જેવા ક્ષેત્રમાં રસપૂર્વક સક્રિય છે. ધ્રુવ ભટ્ટની નવલકથાઓ 'અકૂપાર અને 'તિમિરપંથીના અંગ્રેજીમાં અનુવાદ ઉપરાંત દર્શકના ઈતિહાસ અને કેળવણી વિચાર પર તેમણે ઉલ્લેખનીય કામ કર્યું છે.

ડૉ. વિશાલ ભાદાણીએ સાંપ્રત સમયમાં ગાંધીજીની જીવનશૈલી અને રચનાત્મક કાર્યોની ભૂમિકા ઉદાહરણ સહિત પ્રસ્તુત કરી હતી. યુનિવર્સિટી કક્ષાના વિદ્યાર્થીઓ માટે અસરકારક કહી શકાય તેવી સાર્થક પ્રસ્તુતિનો નોંધપાત્ર સંખ્યામાં વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોએ લાભ લીધો. અધ્યક્ષીય ઉદ્દબોધનમાં માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી વક્તાશ્રીના વક્તવ્યનું સમીક્ષાત્મક અભિવાદન કરવાની સાથે ગાંધીજીના જીવન વિચારને રોજબરોજના આચરણમાં ઉતારવા પર ભાર મૂક્યો હતો.










## ડૉ. બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિવસ નિમિત્તે નેશનલ વેબિનાર

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ૭૧મા ભારતીય સંવિધાન દિવસની ઉજવણીના ઉપક્રમે ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણદિન તારીખ ૦૬/૧૨/૨૦૨૦ને રવિવારના રોજ ૧૨:૦૦ કલાકે **आज का भारत, संविधान और बाबासाहब आंबेडकरजी** વિષય ઉપર ઓનલાઈન નેશનલ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયજી દ્વારા આંબેડકરના વિચારોની સમજણ આપવામાં આવી હતી. ડૉ. ચંદ્રકાન્તા માથુર, (રાજ્યશાસ્ત્રના અધ્યાપિકા, શ્યામાપ્રસાદ મુખર્જી કૉલેજ, દિલ્હી યુનિવર્સિટી), દ્વારા આંબેડકર અને મહિલાઓના હક વિશે વક્તવ્ય આપ્યું હતું. તો શ્રી કિશોરભાઈ મકવાણા (લેખક, કોલમિસ્ટ તથા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના બોર્ડ મેમ્બર) દ્વારા આંબેડકરજીના જીવન ઉપર વક્તવ્ય આપ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં અધ્યાપિકા ડૉ. અર્ચના મિશ્રા દ્વારા કરવામાં આવ્યું હતું. નેશનલ વેબિનાર ફેસબુક પર લાઈવ કરવામાં આવ્યો હતો.






શ્રી કિશોર મકવાણાએ તેમના અભ્યાસપૂર્ણ વ્યક્તવ્યમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની લગભગ સાડા છ દાયકાની વિદ્યાયાત્રા—જીવનયાત્રાને અભ્યાસપૂર્ણ અંજલિ આપી હતી. વડોદરાના મહારાજા સયાજીરાવ સમક્ષ યુવાનવયે જ સમાજોદ્ધાર માટે અર્થશાસ્ત્ર અને અન્ય માનવ વિદ્યાઓનું ઉચ્ચશિક્ષણ મેળવવા બાબાસાહેબના અભિલાષને વક્તાશ્રીએ આદરપૂર્વક વ્યક્ત કર્યો હતો. કારકિર્દીના પ્રારંભથી જ પીડિતોના ઉત્કર્ષ માટે સમર્પણભાવથી કૃતસંકલ્પ જીવન સમગ્ર માનવજાત માટે સમર્પણભાવથી આજીવન સક્રિય રહેલું, તેની વાત કરીને કિશોરભાઈએ સ્વતંત્રતા, બંધુતા, સમાનતાના પાયા પર રાષ્ટ્રના ઉત્કર્ષ માટેના મહાનાયક આંબેડકરજીના ચોસઠમા નિર્વાણદિનની સાર્થક ઉજવણી કરવા બદલ શ્રી કિશોર મકવાણાએ યુનિવર્સિટી પ્રત્યે ધન્યવાદની લાગણી વ્યક્ત કરી હતી.

વેબિનારના બીજા વક્તા, દિલ્હી યુનિવર્સિટીના રાજ્યનીતિશાસ્ત્ર વિષયના પ્રો. (ડૉ.) ચંદ્રકાન્તા માથુરજીએ નારી વિકાસમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના યોગદાનની વાત વણી લીધી હતી. વંચિત સમુદાયની મહિલાઓ ઉપરાંત ભદ્રવર્ગની મહિલાઓની અવગણનાની દીર્ઘ પરંપરાને ઓળખી ચૂકેલા ડૉ. બાબાસાહેબ આંબેડકરે નારી ઉત્કર્ષ માટે બંધારણમાં સમાન દરજ્જાની જોગવાઈ કરી તેનો ઉલ્લેખ આદરપૂર્વક કર્યો હતો. સતીપ્રથા, દાસીપ્રથા, કુરિવાજો અને અંધશ્રદ્ધાથી ગ્રસ્ત સમાજમાં મહિલા શિક્ષિત થાય તે અનિવાર્યતા સમજનાર દેશહિત ચિંતકોમાં આંબેડકરજી પ્રથમ હરોળમાં હતા. એ વાત પર તેમણે ભાર મૂક્યો, નોકરિયાત મહિલાઓને માતૃત્વપ્રાપ્તિના દિવસોમાં ખાસ રજાઓ મળે તેની કાયદેસરની જોગવાઈઓના મૂળમાં સંવિધાનના શિલ્પકાર ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની ન્યાયપૂર્ણ દૃષ્ટિનો ફાળો હતો એ સૌએ ભૂલવાનું નથી તે વક્તાશ્રીએ ખાસ જણાવ્યું હતું. પ્રચલિત હિન્દુ કોડ બિલ સંદર્ભે મહિલાઓના અધિકારની સુરક્ષા અંગે આંબેડકરજીએ કરેલી કાયદાકીય જોગવાઈઓનો વિગતે ઉલ્લેખ કર્યો હતો; જેમાં પૈતૃક સંપત્તિમાં દીકરીનો અધિકાર જેવી અતિખ્યાત ઉપલબ્ધિઓ સામેલ છે. અલબત્ત, ૧૯૫૨માં હિન્દુ કોડ બિલ પસાર ન થયું, તેથી ડૉ. બાબાસાહેબ આંબેડકરે સાંસદ તરીકે નારાજગી દર્શાવી રાજીનામું આપ્યું તે વિગતોની યોગ્ય મૂલવણી આ વ્યાખ્યાનમાં થઈ.

માનનીય કુલપતિશ્રી પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયે અધ્યક્ષીય ઉદબોધનમાં બંને વક્તાઓના અભ્યાસપૂર્ણ વક્તવ્ય બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરવાની સાથે રાજ્યની એકમાત્ર ઓપન યુનિવર્સિટી આંબેડકરજી જેવી મહાન વિભૂતિનું નામાભિધાન પામી છે, તે બદલ ધન્યતા અનુભવવાની સાથે જવાબદારી વહનની વાત પણ કરી હતી. રાજ્યના વિશાળ વિદ્યાર્થી સમુદાય સાથે જોડવાની સાથે સાથે વંચિતોના વિભિન્ન સમુદાયમાં આવતા, અવગણના પામેલા લોકોની સંખ્યા સમાજમાં ઓછી નથી. સમાજના મુખ્ય પ્રવાહમાં તેમને લાવવા માટે ઉચ્ચશિક્ષણની તકો સમાન રીતે સૌને માટે ઉપલબ્ધ થાય તેવો સંકલ્પ કાર્યાન્વિત કર્યો હોવાનું અપીલપૂર્વક જણાવ્યું હતું. ટ્રાન્સજેન્ડર સમુદાયના લોકો જે શિક્ષણ મેળવવા ઈચ્છે છે. તેમના માટે શિક્ષણની સુવિધા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરજીના વંચિતો માટેના શોષણમુક્ત સમાજના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં યુનિવર્સિટીના સાર્થક પ્રયાસનો ઉલ્લેખ કર્યો હતો.

ડૉ. અર્ચના મિશ્રાએ વેબિનારનું સુચારુ ઢબે સંચાલન કરવાની સાથે બંને વક્તાઓનો પરિચય કરાવ્યો હતો. આભારદર્શન વ્યક્ત કરતી વખતે ટેકનિકલ સહાયરૂપ કમ્પ્યૂટર વિભાગના નિયામક શ્રી ડૉ. નિલેશ મોદી તથા સહભાગી સર્વેનો વિશેષ આભાર માન્યો હતો. યુનિવર્સિટીના અધ્યાપક ગણ તથા વિદ્યાર્થીઓએ વેબિનારનો સાર્થક રીતે લાભ લીધો હતો.







# વ્યાખ્યાન શ્રેણી

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા તા. ૦૫/૦૯/૨૦૧૯ના રોજ ‘શિક્ષક દિન’ નિમિત્તે ‘ઇન પર્સ્યુટ ઓફ એક્સેલન્સ’ વ્યાખ્યાન શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ પદ્મશ્રી ડૉ. વિષ્ણુ પંડ્યાજી અને પ્રો. કમલ મહેતાએ ઉપસ્થિત રહ્યા હતા. માનનીય કુલપતિશ્રી, પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે સન્માનિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું. માનનીય વક્તા ડૉ. બળવંત જાની, (કુલપતિશ્રી, ડૉ. હરિસિંગ ગૌર વિશ્વવિદ્યાલય, મધ્યપ્રદેશ)એ ‘ધર્માંતરિત મુસ્લિમોના મધ્યયુગીન ગુજરાતી સાહિત્યમાં ભારતીયતા’ વિષય પર એક આકર્ષક વકતવ્ય આપ્યું હતું અને વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ વ્યાખ્યાન શ્રેણીમાં અધ્યાપકો, શિક્ષણવિદો અને યુનિવર્સિટીના કર્મચારીઓ પણ હાજર રહ્યાં હતાં.













# ૭૧ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં તા. ૨૬ મી જાન્યુઆરી ૨૦૨૦ આપણા દેશનાં ૭૧માં ગણતંત્ર દિવસની ઉજવણી ઉત્સાહપૂર્વકથી કરવામાં આવી. આ અવસરે યુનિવર્સિટીનાં પરિસરમાં માનનીય કુલપતિશ્રી અમીબહેન ઉપાધ્યાયજીની હાજરીમાં રાષ્ટ્રભાવ ધ્વજવંદનનો ઉપક્રમ માન સાથે યોજવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય પર્વ નિમિત્તે યુનિવર્સિટીના તમામ સ્ટાફ હાજર રહ્યા હતા. આ ઐતિહાસિક પ્રસંગે UGCની માર્ગદર્શિકા અનુસરીને યુનિવર્સિટીએ "એક ભારત શ્રેષ્ઠ ભારત" (EBSB) શીર્ષક હેઠળ એક ક્લબની સ્થાપના કરી છે, જેમાં યુનિવર્સિટી આ અભિયાનના ભાગ રૂપે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા સૂચવેલ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરશે. આ અભિયાન ગુજરાત રાજ્ય છત્તીસગઢ સાથે જોડવામાં આવ્યું છે. અને તે જ ઉપક્રમમાં સંયુક્ત રીતે કાર્ય કરશે.

આ સમારોહમાં, અધ્યાપકોએ દેશભક્તિના ગીતો, કવિતાઓનું ગાન કર્યું હતું. તેમજ સ્વતંત્રતા સંગ્રામની ઘટનાઓને સ્મરણ કરી હતી. BOM ના માનનીય સભ્યશ્રી કુ. દિવ્યાબહેન પટેલે તેમની હાજરીથી આ પ્રસંગની શોભા વધારી હતી. અને સભાને સંબોધન કર્યું હતું. અંતમાં માનનીય કુલપતિ, પ્રો.અમી બહેન ઉપાધ્યાયે તેમના પ્રેરણાદાયી શબ્દોથી સભાને સંબોધન કર્યું હતું.












# શહીદ દિનની ઉજવણી

૩૦ જાન્યુઆરી દેશભરમાં શહીદ દિવસ તરીકે મનાવવામાં આવે છે, તારીખ ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ માં મહાત્મા ગાંધીજીની હત્યા કરવામાં આવી હતી તે અનુસંધાને ગાંધી બાપુના નિર્વાણ દિવસને શહીદ દિન તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસ નિમિત્તે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનાં ગૌતમ હોલમાં ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી સ્વતંત્ર ભારતના શહીદોને યાદ કરવાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. સદર કાર્યક્રમમાં માનનીય વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયે ગાંધીજીના વિચારો પ્રગટ કર્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીનાં નિયામકશ્રીઓ તેમજ કર્મચારીશ્રીઓ દ્વારા ગાંધી-જીવનના પ્રેરણાદાયી પ્રસંગોની વાત કરવામાં આવી હતી.














## ભારત ભાગ્ય વિધાતા' નાટકની પ્રસ્તુતિ

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના કશ્યપ હોલમાં તા.૨૯-૧-૨૦ ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર ફાઉન્ડેશન દ્વારા પ્રસ્તુત 'ભારત ભાગ્ય વિધાતા' મહાત્મા ગાંધીજીના જીવન પર આધારિત નાટકનો શો રાખવામાં આવેલ હતો. સાંજના ૬;૩૦ થી આરંભ થયેલ આ નાટકને નિહાળવા યુનિવર્સિટીનો સમગ્ર સ્ટાફ અને બોર્ડ સભ્યશ્રીઓ પણ પધારેલ હતા. નાટકના સમાપન પછી દરેક કલાકારોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ અવસરે માનનીય કુલપતિશ્રી ડૉ.અમીબહેને બધાને ગાંધીજીવન દર્શનને આત્મસાત કરવાની વાત કરી હતી.

તા.૩૦-૧-૨૦૨૦ શહીદ સ્મૃતિદિવસ અને ગાંધીનિર્વાણ દિવસના અવસરે ગૌતમ હોલમાં કાર્યક્રમ રાખેલો તેમાં ગાંધીજીનાં જીવન વિષયક મનનીય વકતવ્ય ગુજરાતી વિભાગાધ્યક્ષ ડૉ.યોગેન્દ્ર પારેખ દ્વારા આપવામાં આવેલ. એ પછી ડૉ.ખ્યાતિબહેને શહીદો ઉપર વાત કરી અને ડૉ.દીગિશભાઈએ શહીદો ઉપરની એક કવિતાનું ભાવવાહી સ્વરમાં પઠન કર્યું હતું. ડૉ.દિનુભાઈ ચુડાસમાએ ગાંધીજીના વ્યક્તિત્વને સંવાદના માધ્યમથી રજૂ કર્યું હતું. આ પ્રસંગે કાર્યકારી કુલસચિવશ્રી ભાવિનભાઈ ત્રિવેદીએ રાષ્ટ્રપ્રેમની કવિતાનું ભાવવાહી સ્વરમાં ગાયન કરી બધાને ભાવુક કર્યા હતા.


સમાપનમાં પ્રાસંગિક વાત કરતા યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ.અમીબહેને શહીદોને યાદ કરી આપણે એમનું ઋણ કેવી રીતે ચૂકવી શકીએ એવો સવાલ ઊભો કરી જવાબમાં કહ્યું કે આપણે પણ દેશહીતના કાર્યોમાં નિષ્ઠાપૂર્વક આપણને સામેલ કરીને આપણું પ્રદાન આપી શકીશું. તેમજ ગાંધીજી એક વિચાર છે અને વિચારનું મૃત્યુ હોતું નથી એમ કહી બધાને ગાંધી ચિંધ્યા રાહે ચાલવાની પ્રેરણા આપી હતી.અંતમાં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો હતો.





ersity


aheb Ambedkar Open University






aheb Ambedkar Open University

# સ્વામી વિવેકાનંદ જયંતિ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૧૨/૦૧/૨૦૧૮ના રોજ યુનિવર્સિટીના પરિસરમાં ગૌતમ હોલ ખાતે 'સ્વામી વિવેકાનંદ જયંતિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના મુખ્ય વક્તા અને અતિથિ વિશેષ ડૉ. કમલેશ ઉપાધ્યાય, યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની, કા. કુલસચિવશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય તથા પ્રો. અજીતસિંહ રાણા, પ્રો. ડૉ. નિલેશભાઈ મોદી, ડૉ. પ્રફુલ્લ જોશી, ડૉ. મનોજ શાહ, ડૉ. આવા શુકલા, ગોવિંદસિંહ રાજપૂત, ભાવિનભાઈ ત્રિવેદી તથા યુનિવર્સિટીના કર્મચારીગણની ઉપસ્થિતિમાં યુનિવર્સિટીની પરંપરા મુજબ યુનિવર્સિટી ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. મંચસ્થ અતિથિ તથા યુનિવર્સિટીના અધિકારીગણ દ્વારા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમ શરુ થયો. ત્યારબાદ ભાવિનભાઈ ત્રિવેદી દ્વારા સ્વાગતીય અને પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું. યુનિવર્સિટીના અધિકારીશ્રીઓ દ્વારા અતિથિશ્રીનું પુસ્તક, પુષ્પગુચ્છ, ખેસ, સ્મૃતિ ચિહ્ન અને શાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું. પ્રો. ડૉ. યોગેન્દ્રભાઈ પારેખ, ડૉ. આવા શુકલાએ યુવા પેઢીએ આગળ કઈ રીતે વધવું તેનું સચોટ જ્ઞાન પોતાના વક્તવ્યમાં આપ્યું હતું. મુખ્ય અતિથિ વક્તાશ્રી ડૉ. કમલેશ ઉપાધ્યાયજીએ સ્વામી વિવેકાનંદજીના સુચવેલા ઉદ્દેશ્યો અને પોતાના અનુભવો દ્વારા તેમજ પોતાના લક્ષ્યને ધ્યાનમાં રાખીને યુવા પેઢીને આગળ વધવા માટેનું યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે કા. કુલસચિવ પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય દ્વારા આભારવિધિ કરી કાર્યક્રમ પૂર્ણ થયો.









# પ્રજાસત્તાક દિનની ઉજવણી

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના જ્યોતિર્મય પરિસરમાં ૨૬ મી જાન્યુઆરી, ૨૦૧૮ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી હતી. માનનીય મહેમાનશ્રી ડૉ. ગિરીશભાઈ ઠાકરના વરદ હસ્તે ધ્વજવંદન થયું. યુનિવર્સિટી પરિવારના વિશાળ સભ્યસમુદાય સાથે એકઠા થયા હતા. રાષ્ટ્ર ભક્તિથી સભર ગીત- સંગીતનું પ્રસારણ યુનિવર્સિટીના ચૈતન્ય સ્ટુડિયોમાંથી કરવામાં આવ્યું. માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાની અને મહેમાનશ્રીએ પોતાના વક્તવ્યમાં દેશના નાગરિક તરીકેની ભાવનાને નિસ્બત શબ્દોમાં વ્યક્ત કરી. ચિંતન જોશીએ વાંસળી વાદન તથા અન્ય શૈક્ષણિક અધિકારીઓએ રાષ્ટ્રગીતો તથા પોતાની ક્ષમતા મુજબ પ્રજાસત્તાક દિન પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. યુનિવર્સિટી પરિવારમાંથી વધુને વધુ સભ્યો રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં પોતાની પ્રસ્તુતિ અને સહભાગિતા દાખવે તેવી માનનીય કુલપતિશ્રી ડૉ. પંકજ એલ. જાનીની પ્રેરણા અને અનુરોધના કારણે પ્રજાસત્તાક દિનની ઉજવણીમાં વિશેષ સક્રિયતા જોવા મળી હતી.













# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની સાર્ધ શતાબ્દી મહોત્સવ નિમિત્તે ગાંધીસ્મૃતિ વ્યાખ્યાન

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદ દ્વારા તા. ૨-૧૦-૨૦૧૯ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યુનિવર્સિટીના ગૌતમ સભાગૃહ ખાતે ગાંધીસ્મૃતિ વ્યાખ્યાનનું આયોજન થયું હતું. માનનીય કુલપતિ ડૉ. અમીબહેન ઉપાધ્યાયની અધ્યક્ષતામાં જાણીતા કેળવણીકાર શ્રીમનસુખ સલ્લાએ 'આવતી કાલના ગાંધી' વિશે અને વરિષ્ઠ પત્રકારશ્રી રમેશ તન્નાએ 'ગાંધીજીનું પત્રકારત્વ' વિશે મનનીય અભ્યાસપૂર્ણ વકતવ્યો આપ્યા હતા. યુનિવર્સિટીના બોર્ડ મેમ્બરશ્રી કિશોર મકવાણાએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગાંધીજીના શાશ્વત મૂલ્યોની પ્રેરક વાતો કરી હતી.માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાયએ પોતાના અધ્યક્ષીય વકતવ્યમાં સત્યનિષ્ઠ ગાંધીજીની પ્રસ્તુતતા વિશે પ્રેરક ઉદ્‌બોધન કરતાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે નજીકના ભવિષ્યમાં 'મહાત્મા ગાંધી જીવનકાર્ય દર્શન' પ્રમાણપત્ર અભ્યાસક્રમ શરૂ કરવાની જાહેરાત કરી જેને ઉપસ્થિત શ્રોતાઓ અને યુનિવર્સિટી પરિવારે આવકાર આપ્યો.









# રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની સાર્ધ શતાબ્દી અવસરે વાંચનયાત્રા

ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે ગાંધીજીની સાથે વાચનયાત્રાનું આયોજન રાખવામાં આવ્યું હતું. તેમાં યુનિવર્સિટીના પદાધિકારીઓ, બોર્ડ મેમ્બર અને આમંત્રિત મહેમાનોએ ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો'નું વાંચન કર્યું. આજના સમયમાં ગાંધીજીના વિચારોની મહત્તાનો વિશ્વમાં સ્વીકાર થઇ રહ્યો છે. જગતની જે સમસ્યાઓ છે એનો ઉકેલ ગાંધીજી જે જીવન મારગ બતાવી ગયા એ રસ્તે માણસ ચાલશે તો જીવનમાં સુખ શાંતિની અનુભૂતિ થઇ શકે છે. સત્યના પ્રયોગોનું વાંચન રાષ્ટ્રપિતાનાં આવા ઉમદા વિચારને તેમના સત્ય, પ્રેમ, કરુણા અને અહિંસાને જીવનમાં આચરણ કરવાના સુભાશય સાથે આ વાંચનયાત્રા યોજવામાં આવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી પ્રો. ડૉ. યોગેન્દ્ર પારેખ સાહેબે કર્યું હતું.









# ડૉ.બાબાસાહેબ આંબેડકર નિર્વાણ દિવસ નિમિત્તે ફૂલહાર પૂજન

તા.૦૬-૧૨-૨૦૧૯ અને શુક્રવારના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકરજીના ૬૩માં નિર્વાણ દિવસ નિમિત્તે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી-અમદાવાદના પરિસરમાં ડૉ.બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય અને કર્મચારી પરિવાર દ્વારા ફૂલહારવિધિનો ભાવમય કાર્યક્રમ રાખવામાં આવેલ. આ સમયે યુનિવર્સિટીના દરેક કર્મચારીએ ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને હૃદયપૂર્વકની ભાવવંદના કરી હતી. એ પછી યુનિવર્સિટીના ગ્રંથાલયમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉપર લખાયેલા પુસ્તકોનું પ્રદર્શન રાખવામાં આવેલ તે પ્રદર્શન કુલપતિશ્રી સાથે સમગ્ર કર્મચારીગણે નિહાળ્યું હતું













## સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે પુષ્પાંજલી


## 'રાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે 'સ્વામી વિવેકાનંદ અને યુવા' – વેબિનાર


**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયના માર્ગદર્શન મુજબ તા. ૧૨/૦૧/૨૦૨૧ના રોજ વિશ્વમાં ભારતીય સંસ્કૃતિને સ્થાપિત કરનાર મહાન આધ્યાત્મિક ગુરૂ, સમાજ સુધારક અને યુવાનોના પ્રેરણા સ્રોત એવા સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે યુનિવર્સિટીના 'વિવેકાનંદ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ' દ્વારા સ્વામી વિવેકાનંદજીના ચરણોમાં પુષ્પાંજલી અર્પણનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કા. કુલસચિવશ્રી, નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ અને વહીવટી કર્મચારીઓ ઉપસ્થિત રહી સર્વેએ વિવેકાનંદજીના ચરણોમાં પુષ્પ અર્પિત કર્યા.**


**આ સાથે 'રાષ્ટ્રીય યુવા દિવસ' નિમિત્તે 'સ્વામી વિવેકાનંદ અને યુવા' વિષય પર વેબિનારનું આયોજન પણ કરવામાં આવ્યું. આ વેબિનારના મુખ્ય વક્તા તરીકે ડૉ. મૌનસ ઠાકર (આસીસ્ટન્ટ પ્રોફેસર, એજ્યુકેશન, વિદ્યાનગર)થી જોડાયા. આ વેબિનારમાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, ફાઈનાન્સ ઓફિસર, અધ્યાપકો, અન્ય કાર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા. આ વેબિનારમાં ઉપસ્થિત સૌનું શાબ્દિક સ્વાગત અને આવકાર ડૉ. પ્રીયંકી વ્યાસ (ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન)એ કર્યું અને એમણે વિવેકાનંદજીએ આપેલા સુત્રોનું વાચન કર્યું. ત્યારબાદ યુનિવર્સિટીના અધ્યાપક ડૉ. સંજય પટેલ, ડૉ. સોનલ ચૌધરી, શ્રી દિગીશ વ્યાસ, શ્રી રીતુ ગોર, ડૉ. સતીશ પાંડે, ડૉ. વનમાલા બાવીસ્કાર, ડૉ.આનંદ પંડ્યા, ડૉ. અંતિમ પટેલ, શ્રી સાહિસ્તા મલેક, સર્વેએ વિવેકાનંદજીના જીવન વિષયક વિચારો, વિવેકાનંદજીના વ્યક્તિત્વને ઉપસાવતી કવિતાઓ હિન્દી, ગુજરાતી, અને સંસ્કૃત ભાષાઓમાં રજુ કરી. ત્યારબાદ આ વેબિનારના મુખ્ય વક્તા ડૉ. મૌનસ ઠાકરે વિવેકાનંદજીની એકાગ્રતા, જીજ્ઞાસા, આત્મવિશ્વાસ, આજ્ઞાપાલન આદિ ગુણોને ઉદાહરણો સાથે વિસ્તૃત રીતે સમજાવ્યા. અને આગળ જણાવ્યું કે, વિવેકાનંદ કોઈ સાધુ નહિ પણ એક એવા વ્યક્તિ હતા કે તેઓ આધુનિકતા અને પૌરાણિકતાને સાથે લઈને ચાલ્યા છે. આપણે વિવેકાનંદના વ્યક્તિત્વને શબ્દોથી મુલવી ન શકીએ તેવું ઉત્તમ વ્યક્તિત્વ હતા. આમ, વિવેકાનંદના જીવનને ઉપસાવતી અને બાબતો પર દ્રષ્ટિપાત કરી એમનું વક્તવ્ય પૂર્ણ કર્યું, યુનિવર્સિટીના અધ્યાપક શ્રી કિંજલ પરમારે આ વેબિનારનું સંચાલન કર્યું અને શ્રી નિશા મહારાજે યુનિવર્સિટીની પરંપરા મુજબ સૌ કોઈનો આભાર માની વેબિનારની પૂર્ણાહુતિ કરી. આ વેબિનાર ગુગલ માધ્યમથી ખુબ સફળ રહ્યો.**


REC
4:05 PM
Dr. Priyankiben Vyas


REC
4:04 PM
Saumil Trivedi
library science
Jagruti Maheta
Maunas Thaker
Binny Vaghela
Office Academic
Archana Makwana
Dr.Jayshree Gurjar
Falguni Buch


REC
4:23 PM
library science
satish pandey
Falguni Buch
Maunas Thaker
Jagruti Maheta
Binny Vaghela
Dr.Jayshree Gurjar
Dr. Sonal Chaudhari
Sanjay Patel


REC
4:36 PM
Maunas Thaker


REC
5:08 PM
nisha maharaj
library science
Maunas Thaker
Dr. Priyankiben Vyas
Dr. Sonal Chaudhari
Dr. Anand Pandya
satish pandey
Ritu Gor
Sanjay Patel